رئاسة الشؤون الدينية
بالمسجد الحرام والمسجد النبوي

# એક સામાન્ય મુસલમાન વ્યક્તિ માટે અગત્યના પાઠો

ગુજરાતી | غوجاراتية | الدروس المهمة لعامة الأمة

કંપોઝીમ (સંયોગીકરણ): પ્રતિષ્ઠિત શેખ અબ્દુલ અઝીઝ બિન અબ્દુલ્લાહ બિન બાઝ -અલ્લાહ તેમના પર દયા કરે-

ⓗ **جمعية الدعوة والإرشاد وتوعية الجاليات بالربوة ، ١٤٤٥هـ**

***فهرسة مكتبة الملك فهد الوطنية أثناء النشر***

بن باز، عبدالعزيز بن
الدروس المهمة لعامة الأمة - غوجاراتي. / عبدالعزيز بن بن باز -
ط١. .- الرياض ، ١٤٤٥هـ
٤٨ ص ؛ ..سم

ردمك: ٤-٠٣-٨٤١٧-٦٠٣-٩٧٨

١- الاسلام - مبادئ عامة أ.العنوان

ديوي ٢١١ ١٤٤٥/٢٣٧٠

**رقم الإيداع: ١٤٤٥/٢٣٧٠**
**ردمك: ٤-٠٣-٨٤١٧-٦٠٣-٩٧٨**

# الدروس المهمة لعامة الأمة

# એક સામાન્ય મુસલમાન વ્યક્તિ માટે અગત્યના પાઠો

કંપોઝીમ (સંયોગીકરણ): પ્રતિષ્ઠિત શેખ અબ્દુલ અઝીઝ બિન અબ્દુલ્લાહ બિન બાઝ -અલ્લાહ તેમના પર દયા કરે-

# પ્રસ્તાવના

## (શરૂ કરું છું) અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને રહમ કરવાવાળો છે.

દરેક પ્રકારના વખાણ સૃષ્ટિ ના પાલનહાર માટે જ છે, ડરવાવાળાઓ માટે સારું વળતર, અલ્લાહના દરૂદ અને સલામતી ઉતરે તેના બંદા અને રસૂલ તેમજ આપણા નબી મુહમ્મદ ﷺ પર અને તેમના ખાનદાન વાળાઓ પર અને તેમના દરેક સાથીઓ પર. ત્યારબાદ:

એક સામાન્ય મુસલમાન વ્યક્તિ માટે ઇસ્લામની જે વાતો જાણવી જરૂરી છે તેમાંથી કેટલીક વાતો વર્ણન કરી રહ્યો છું, જેનું નામ મેં "એક સામાન્ય મુસલમાન વ્યક્તિ માટે અગત્યના પાઠો" રાખ્યું છે, હું અલ્લાહથી દુઆ કરું છું કે આ પુસ્તિકાને મુસલમાનો માટે ફાયદાકારક બનાવે, અને મારો આ પ્રયત્ન કબૂલ કરે, નિઃશંક તે ખૂબ જ સખી (દાતા) અને પ્રતિષ્ઠિત છે.

અબ્દુલ અઝીઝ બિન અબ્દુલ્લાહ બિન બાઝ

એક સામાન્ય મુસલમાન વ્યક્તિ માટે અગત્યના પાઠો.[1]

---

[1] તેમની વિખ્યાત કિતાબ મજમઉલ્ ફતાવા વ મકાલાત મુતનવ્વિઅતુ) ના ભાગ ત્રણ પેજ નંબર ૨૮૮-૨૯૮ મા વર્ણન કર્યું છે.

## પ્રથમ પાઠ: સૂરે ફાતિહા તેમજ કિસારે સૂરહ

સૂરે ફાતિહા અને કિસારે સૂરહ અર્થાત સૂરે ઝિલ્ઝાલથી લઈને કે સૂરે નાસ સુધીની સૂરતો, તે સૂરતોને સમજવી, તેની સાચી તિલાવત કરવી, તેને યાદ કરવી અને તે વાતોની સમજૂતી કરવી જે વાતોને સમજવી જરૂરી હોય.

## બીજો પાઠ: ઇસ્લામના અરકાન

ઇસ્લામના પાંચેય અરકાનનું વર્ણન, તેમાંથી પ્રથમ અને મહ્ત્વપૂર્ણ રુકન 'લા ઇલાહ ઇલ્લલ્લાહ્ વ અન્ન મુહમ્મદુર રસૂલુલ્લાહ' તેના શબ્દનો અર્થ સમજવો, કલિમાની જે શરતો છે, તેની સમજૂતી સાથે ગવાહી આપવી છે,

તેનો અર્થ ‘લા ઇલાહ’ તે દરેક મઅબૂદોનો ઇન્કાર કરવો, જેમની અલ્લાહને છોડીને પૂજા કરવામાં આવે છે, ‘ઇલ્લલ્લાહ’ ના અર્થથી સાબિત થાય છે કે ઈબાદતના લાયક ફક્ત અલ્લાહ જ છે, જેનો કોઈ શરિક

નથી. 'લા ઇલાહ ઇલ્લલ્લા' માટે શરતો નીચે પ્રમાણે છે.

૧. એવું ઇલ્મ જે અજ્ઞાનતા વિરુદ્ધ હોય.

૨. એવું યકીન જે શંકાની વિરુદ્ધ હોય.

૩. એવું ઇખલાસ જે શિર્ક વિરુદ્ધ હોય.

૪. એવી સચ્ચાઈ જે જુઠની વિરુદ્ધ હોય.

૫. એવી મુહબ્બત જે નફરત વિરુદ્ધ હોય.

૬. એવી ઈતાઅત જે નાફરમાની વિરુદ્ધ હોય.

૭. એવું સ્વીકાર્ય જે ઇન્કાર વિરુદ્ધ હોય.

૮. તે દરેક મઅબૂદોનો ઇન્કાર જેમની અલ્લાહ સિવાય પૂજા કરવામાં આવે છે. અને આ શરતો બે પંક્તિઓમાં ભેગી કરી દેવામાં આવી છે:

ઇલ્મ, યકીન, ઇખલાસ, સચ્ચાઈ, મોહબ્બત, ઈતાઅત અને સ્વીકાર.

આઠમી વસ્તુનો વધારો કરવામાં આવ્યો છે, તે દરેક મઅબૂદોનો ઇન્કાર, જેને અલ્લાહ સિવાય પૂજવામાં આવે છે.

તેની સાથે મુહમ્મદુર્ રસૂલુલ્લાહ ﷺ ની ગવાહીનો અર્થ અને તેના સ્ત્રોત વર્ણન કરવામાં આવે છે, જે નીચે પ્રમાણે છે.

૧. રસૂલ ﷺ એ જે વાતોની ખબર આપી છે, તેમાં આપ ﷺ ને સાચા ગણવા.

૨. જે વાતોનો આદેશ આપ્યો છે તેમાં આપ ﷺ નું અનુસરણ કરવું.

૩. જે કામોથી રોક્યા હોય, તેનાથી રૂકી જવું.

૪. અલ્લાહની ઈબાદત તે પ્રમાણે જ કરવી, જેને અલ્લાહ અને તેના રસૂલે જાઈઝ કરી હોય. ત્યારબાદ વિદ્યાર્થી માટે ઇસ્લામના બાકી રુકનની સ્પષ્ટતા કરવામાં આવી રહી છે, જે નીચે પ્રમાણે છે.

## ત્રીજો પાઠ: ઈમાનના રૂકન

ઈમાનના છ રૂકન છે: અલ્લાહ પર ઈમાન, તેના ફરિશ્તાઓ પર ઈમાન, તેની કિતાબો પર ઈમાન, તેના રસૂલો પર ઈમાન, આખિરતના દિવસ પર ઈમાન, તે

વાત પર ઈમાન લાવવું કે ખરાબ અને સારી તકદીર અલ્લાહ તરફથી છે.

## ચોથો પાઠ: તૌહીદ અને શિર્કના પ્રકાર:

તૌહીદના ત્રણ પ્રકાર છે, અને તે નીચે પ્રમાણે છે.

૧. તૌહીદે રુબુબિયત

૨. તૌહીદે ઉલુહિયત

૩. તૌહીદે અસ્મા વ સિફાત

તૌહીદે રુબુબિયત: એ વાત પર ઈમાન લાવવું કે અલ્લાહ જ દરેક વસ્તુનો સર્જનહાર, અને દરેક વસ્તુ પર સંપૂર્ણ અધિકાર ધરાવે છે, તેમાં તેનો કોઈ ભાગીદાર નથી.

તૌહીદે ઉલુહિયત: એ વાત પર ઈમાન લાવવું કે અલ્લાહ જ સાચો મઅબૂદ છે, તેમાં તેનો કોઈ ભાગીદાર નથી, અને આ જ લા ઇલાહ ઇલ્લલ્લાહની સમજૂતી છે, કારણકે તેનો અર્થ થાય છે અલ્લાહ સિવાય કોઈ સાચો ઇલાહ નથી, અને દરેક પ્રકારની ઈબાદત ફક્ત એક અલ્લાહ માટે જ કરવી અને અલ્લાહ સિવાય કોઈ અન્ય

માટે ઈબાદત માટે એક સામાન્ય ભાગ પણ કરવો જાઈઝ નથી.

તૌહીદે અસ્મા અને સિફ઼ાત: કુરઆન મજીદ અને સહીહ હદીષોમાં અલ્લાહ તઆલાના જે નામ અને ગુણોનું વર્ણન કરવામાં આવ્યા છે તેના પર ઈમાન લાવવામાં આવે અને તેને અલ્લાહ માટે તેની શાન પ્રમાણે સાબિત કરવામાં આવે, તેના કોઈ પણ નામ અથવા ગુણોમાં કંઈ પણ ફેરફાર કરવામાં ન આવે, તેમને અર્થહીન કરવામાં ન આવે, તેને અલ્લાહ માટે કેફિયત વર્ણન કરવામાં ન આવે, અને ન તો તેને સર્જન સાથે સરખામણી આપવામાં આવે. જેવું કે અલ્લાહ તઆલા કહે છે:

﴿قُلْ هُوَ اللَّهُ أَحَدٌ (1) اللَّهُ الصَّمَدُ (2) لَمْ يَلِدْ وَلَمْ يُولَدْ (3) وَلَمْ يَكُن لَّهُ كُفُوًا أَحَدٌ(4)﴾ [الإخلاص: 1-4]

{હે પયગંબર! કહી દો, અલ્લાહ એક જ છે. (૧) અલ્લાહ બેનિયાજ છે. (૨) ન તો તેનો જન્મ થયો અને ન તો તેણે કોઈને જન્મ આપ્યો. (૩) તેના જેવો બીજો

કોઈ નથી. (૪)} [અલ ઇખ્લાસ: ૧-૪] અને અલ્લાહ -જે સર્વ શ્રેષ્ઠ છે- કહ્યું:

﴿...لَيْسَ كَمِثْلِهِ شَيْءٌ وَهُوَ السَّمِيعُ الْبَصِيرُ﴾ [الشورى: 11]

{કોઈ વસ્તુ તેના જેવી નથી, અને તે સાંભળવાવાળો અને જોવાવાળો છે} [અશ્ શૂરા: ૧૧]. કેટલાક આલિમોએ તૌહીદના બે પ્રકાર વર્ણન કર્યા છે, અને તૌહીદે અસમા વ સિફાતને તૌહીદે રૂબુબિયતમાં ગણી છે, અને તેમાં કોઈ વાંધો નથી, કારણકે બન્ને પ્રકારમાં જે મકસદ છે, તે સ્પષ્ટ છે.

શિર્કના પણ ત્રણ પ્રકાર છે: શિર્કે અકબર, શિર્કે અસગર, શિર્કે ખફી.

શિર્કે અકબર: શિર્કે અકબર કરનાર વ્યક્તિ જો તે જ સ્થિતીમાં મૃત્યુ પામશે તો તેના દરેક અમલ વ્યર્થ થઈ જશે અને તે હંમેશા માટે જહન્નમમાં જશે. અલ્લાહ તઆલા કહે છે:

﴿...وَلَوْ أَشْرَكُوا لَحَبِطَ عَنْهُم مَّا كَانُوا يَعْمَلُونَ﴾[الأنعام: 88]

{અને જો આ લોકો (ઉપર જણાવેલ લોકો માંથી) પણ શિર્ક (અલ્લાહ સાથે ભાગીદાર) કરતા, તો જે કંઈ કાર્યો કરતા તે સૌ વ્યર્થ થઇ જાત.} [અલ્ અનઆમ: ૮૮] અને પવિત્ર અલ્લાહ એ કહ્યું:

﴿مَا كَانَ لِلْمُشْرِكِينَ أَن يَعْمُرُوا مَسَاجِدَ اللَّهِ شَاهِدِينَ عَلَىٰ أَنفُسِهِم بِالْكُفْرِ أُولَٰئِكَ حَبِطَتْ أَعْمَالُهُمْ وَفِي النَّارِ هُمْ خَالِدُونَ﴾ [التوبة: 17]

{મુશરિકો અલ્લાહ તઆલાની મસ્જિદોને આબાદ કરવાને લાયક નથી, જો કે તેઓ પોતે પોતાના ઇન્કારના સાક્ષી છે, તેઓના કાર્યો વ્યર્થ છે અને તેઓ જ કાયમી જહન્નમી છે.} [અત્ તૌબા: ૧૭], અને જે આ સ્થિતિમાં મૃત્યુ પામશે તો અલ્લાહ તેને કદાપિ માફ નહિ કરે અને જન્નત તેના માટે હરામ થઈ જશે જેવું કે અલ્લાહ તઆલા કહે છે:

﴿إِنَّ اللَّهَ لَا يَغْفِرُ أَن يُشْرَكَ بِهِ وَيَغْفِرُ مَا دُونَ ذَٰلِكَ لِمَن يَشَاءُ...﴾[النساء: 48]

{નિ: શંક અલ્લાહ તઆલા પોતાની સાથે ભાગીદાર ઠેરવનારને માફ નથી કરતો અને તે સિવાયના જે ગુનાહ હશે જેને ઇચ્છશે તેને માફ કરી દેશે} [અન્ નિસા: ૪૮], અને અલ્લાહ તઆલાએ કહ્યું:

﴿إِنَّهُ مَن يُشْرِكْ بِاللَّهِ فَقَدْ حَرَّمَ اللَّهُ عَلَيْهِ الْجَنَّةَ وَمَأْوَاهُ النَّارُ ۖ وَمَا لِلظَّالِمِينَ مِنْ أَنصَارٍ﴾ [المائدة: 72]

{જે કોઈ અલ્લાહની સાથે અન્યને ભાગીદાર ઠહેરાવશે, તેના પર જન્નત હરામ થઈ જશે, તેનું ઠેકાણું જહન્નમ હશે, જાલિમો માટે કોઈ મદદ કરનાર નહિ હોય} [અલ્ માઇદહ: ૭૨]

શિર્કે અકબર જેવી રીતે કે મૃતકો પાસે દુઆઓ કરવી તેમની સામે ફરિયાદ કરવી તેમના નામની નઝર માનવી, તેમના નામ પર ઝબેહ કરવું, અને આવી જ રીતે ઘણા અન્ય કાર્યો.

શિર્કે અસગર: જેને કિતાબ અને સુન્નત પ્રમાણે શિર્કે અસગર કહેવામાં આવ્યું હોય અને તે શિર્કે અકબર ન હોવું જોઈએ, જેવું કે કોઈ અમલમાં દેખાડો કરવો,

અલ્લાહ સિવાય અન્યની કસમ ખાવી, અથવા આમ કહેવું કે અલ્લાહ જો ઈચ્છે અને ફલાણો જે ઈચ્છે એ, વગેરે. આપ ﷺ એ કહ્યું:

(أَخْوَفُ مَا أخافُ عَلَيْكُمْ الشِرْكُ الأَصْغَرْ)، فَسُئِلَ عَنْه، فَقَالَ:((الرِّياءُ))۔

**(મને તમારા વિશે સૌથી વધારે જે વસ્તુનો ભય છે, તે શિર્કે અસગર છે, આપ ﷺ થી તેના વિશે પૂછવામાં આવ્યું તો આપ ﷺ એ કહ્યું: "દેખાડો").**[2] આ હદીષને ઇમામ એહમદ, તિબરાની, અને બયહકીએ મહમૂદ બિન લબીદ અન્સારી દ્વારા ઉત્તમ સનદ સાથે રિવાયત કરી છે, એવી જ રીતે તિબરાનિએ આ હદીષને કેટલીય ઉત્તમ સનદ દ્વારા મહમૂદ બિન લબીદ અને તેમણે રાફીઅ બિન ખદીજ દ્વારા અને તેમણે આપ ﷺ થી રિવાયત કરી છે. આપ ﷺ એ કહ્યું:

(من حَلَف بشَيءٍ دون اللهِ فقد أشرَكَ)

[2] અહમદ (૫/૪૨૮)

**(જે વ્યક્તિએ અલ્લાહને છોડીને અન્યની કસમ ખાધી તો તેણે શિર્ક કર્યું).**[3] આ હદીષને ઇમામ અહમદે સહીહ સનદ સાથે ઉમરબિન ખત્તાબ રઝી. દ્વારા રિવાયત કરી છે. અબૂ દાવુદ અને તિરમિઝીએ સહીહ સનદ સાથે ઈબ્ને ઉમર રઝી. દ્વારા રિવાયત કરી છે જેમાં આપ ﷺ એ કહ્યું:

**(مَنْ حَلَفَ بِغيرِ اللهِ فقدْ كَفَرَ أو أشْرَكَ)**

**(જે વ્યક્તિએ અલ્લાહને છોડીને અન્યની કસમ ખાધી તો તેણે કૂફર કર્યું અથવા શિર્ક કર્યું.)**[4] એવી જ રીતે આપ ﷺ એ કહ્યું:

---

[3] અલ્ બુખારી, અલ્ અયમાન વન્નુઝુર (૬૨૭૧) મુસ્લિમ અલ્ અયમાન (૧૬૪૬) તીર્મિઝી અલ્ વન્નુઝુર અયમાન (૧૫૩૩), અન્ નસાઈ અલ્ અયમાન વન્નુઝુર (૩૭૬૪) ઈબ્ને માજા અલ્ કફ્ફારાત (૨૦૯૪) અહમદ (૧/૪૭) માલિક વન્નુઝુર અલ્ અયમાન (૧૦૩૭) અદ્ દારીમી વન્નુઝુર અલ્ અયમાન: (૨૩૪૧)

[4] અલ્ બુખારી અલ્ અદબ (૫૭૫૭), મુસ્લિમ અલ્ અયમાન (૧૬૪૬) તીર્મિઝી વન્નુઝુર અલ્ અયમાન (૧૫૩૫) અન્ નસાઈ અલ્ અયમાન વન્નુઝુર (૩૭૬૬) અબૂ દાવુદ અલ્ અયમાન વન્નુઝુર (૩૨૫૧) ઈબ્ને માજા અલ્ કફ્ફારાત (૨૦૯૪) અહમદ (૨/૯૪) માલિક વન્નુઝુર અલ્ અયમાન (૧૦૩૭) અદ્ દારીમી વન્નુઝુર અલ્ અયમાન (૨૩૪૧)

(لا تَقولُوا: ما شاءَ اللَّهُ وشاءَ فلانٌ، ولكن قُولُوا: ما شاءَ اللَّهُ، ثُمَّ شاءَ فلانٌ)

**(તમે એમ ન કહો કે જે અલ્લાહ ઈચ્છે અને ફલાણો ઈચ્છે' પરંતુ તમે આ પ્રમાણે કહો જે અલ્લાહ ઈચ્છે અને પછી જે ફલાણો ઈચ્છે.)**[5] અબુદાવુદમાં આ હદીષ સહીહ સનદ સાથે હુઝેફા બિલ યમાન રઝી. થી રિવાયત કરી છે.

શિર્કનો આ પ્રકાર કરવાથી ન તો ઇસ્લામ માંથી નીકળી જવાશે અને ન તો તે હંમેશા માટે જહન્નમમાં રહેશે પરંતુ સંપૂર્ણ તૌહીદ વિરુદ્ધ ગણાશે.

શિર્કનો ત્રીજો પ્રકાર: શિર્કે ખફી, તેની દલીલ નબીﷺ નું ફરમાન છે:

(أَلَا أُخْبِرُكُمْ بِمَا هُوَ أَخْوَفُ عَلَيْكُمْ عِنْدِي مِنْ الْمَسِيحِ الدَّجَّالِ"، قالوا: بَلَى، فَقَالَ: "الشِّرْكُ الْخَفِيُّ ، يَقُومَ الرَّجُلُ يُصَلِّي فَيُزَيِّنُ صَلَاتَهُ لِمَا يَرَى مِنْ نَظَرِ رَجُلٍ)

**(શુ હું તમને તે વાત ન જણાવું જે મારી નજીક તમારા માટે મસીહ દજ્જાલ કરતા પણ વધારે ખતરનાક છે?**

---

[5] અબૂ દાવુદ અલ્ અદબ (૪૯૮૦) અહમદ (૫/૩૯૯)

**લોકોએ કહ્યું, કેમ નહિ હે અલ્લાહના રસૂલ! આપ ﷺ એ કહ્યું: તે શિર્કે ખફી છે, વ્યક્તિ નમાઝ પઢવા માટે ઉભો થાય છે તો કોઈને પોતાની સામે જોતા જોય પોતાની નમાઝને ઉત્તમ તરીકાથી પઢે છે.)**[6] આ હદીષને ઇમામ અહમદે અબૂ સઇદ ખુદરી રઝી. દ્વારા પોતાની મુસનદમાં રિવાયત કરી છે.

શિર્કના બે પ્રકાર પણ કરી શકાય છે:

શિર્કે અકબર અને શિર્કે અસગર જ્યાં સુધી શિર્કે ખફી છે તો તેનો સમાવેશ બન્ને શિર્કમાં હોય છે.

તે શિર્કે અકબરમાં પણ હોય છે જેવું કે મુનાફિકનું શિર્ક, કારણકે આ લોકો પોતાના બાતેલ અકીદાને છુપાવીને રાખતા હતા અને ફક્ત દેખાડો કરતા તેમજ પોતાની જાન જવાના કારણે ફક્ત ઇસ્લામને જાહેર કરતા હતા.

એવી જ રીતે શિર્કે ખફી શિર્કે અસગરમાં પણ થાય છે, ઉદાહરણ તરીકે રિયાકારી, આગળ મહમૂદ બિન

[6] ઈબ્ને માજા અઝ ઝુહદ (૪૨૦૪), અહમદ (૩/૩૦)

લબીદ અન્સારી રઝી. હદીસ અને એવી જ રીતે અબૂ સઇદ ખુદરી રઝી. વર્ણન કરેલ હદીષમાં છે, અને અલ્લાહ તૌફીક આપનાર છે.

## પાંચમો પાઠ

એહસાન: એહસાન અર્થાત તમે અલ્લાહની ઈબાદત એ રીતે કરો જેવું કે તમે તેને જોઈ રહ્યા છો, અને જો તમે તેને નથી જોઈ રહ્યા તો (કમ સે કમ એવું તો વિચારી લેવું જોઇએ) કે નિઃશંક તે તો તમને જોઈ જ રહ્યો છે.

## છઠ્ઠો પાઠ: નમાઝ માટે જરૂરી શરતો.

તે શરતો નવ છે.

ઇસ્લામ, બુદ્ધિ, તમીઝ, વુઝુ, નાપાકીથી દુર, ગુપ્તાંગને છુપાવવું, નમાઝ માટે સમય થવો, કિબ્લા તરફ મોઢું કરવું, નિયત કરવી.

## સાતમો સબક: નમાઝના રુકન (પિલર)

તે પિલર ચૌદ છે.

શક્તિ હોય તો ઉભા રહેવું, તકબીરે તહરીમા કહેવું, સૂરે ફાતિહા પઢવી, રુકુઅ, રુકુઅ પછી કોમા (અર્થાત સીધા ઉભા રહેવું) સાત અંગો પર સિજદો કરવો, સિજદો કરી માથું ઉઠાવવું, બન્ને સિજદાની વચ્ચે બેસવું, સંપૂર્ણ નમાઝમાં શાંતિ, રુકનમાં તરતીબ, છેલ્લે તશહ્હુદ, છેલ્લા તશહ્હુદ માટે બેસવું, નબી ﷺ પર દરૂદ પઢવું, બન્ને તરફ સલામ ફેરવું.

## આઠમો સબક: નમાઝ માટે જરૂરી વસ્તુઓ.

તે આઠ છે.

તકબીરે તહરીમાં સિવાય બાકી દરેક તકબીરો, ઇમામ અને મુસલ્લીનું સમિઅલ્લાહુ લિમન હમીદહ કહેવું, સૌનું રબ્બના વ લકલ્ હમ્દ કહેવું, રુકુઅમાં સુબ્હાન રબ્બીયલ્ અઝીમ કહેવું, સિજદામાં સુબ્હાન રબ્બીયલ્ અઅલા કહેવું, બન્ને સિજદા વચ્ચે રબ્બીગ ફિર લી કહેવું, પહેલું તશહ્હુદ, અને તેના માટે બેસવું.

## નવમો સબક: તશહ્હુદ

અને તે નીચે પ્રમાણે છે.

(التَّحِيَّاتُ لِلَّهِ، وَالصَّلَوَاتُ وَالطَّيِّبَاتُ، السَّلامُ عَلَيْكَ أَيُّهَا النَّبِيُّ وَرَحْمَةُ اللَّهِ وَبَرَكَاتُهُ، السَّلام عَلَيْنا وعلى عِبادِ اللَّهِ الصَّالِحِين، أَشْهَدُ أن لا إلهَ إِلَّا اللَّهُ، وأَشْهَدُ أَنَّ مُحَمَّداً عَبْدُهُ وَرَسُولُهُ).

((મારી) દરેક પ્રકારની ઈબાદતો જે જુબાન વડે થતી હોય, જે અંગો વડે થતી હોય, અને જે માલ વડે થતી હોય તે ફક્ત અલ્લાહ માટે જ છે, હે પયગંબર! તમાર પર સલામતી થાય અને અલ્લાહની રહેમત અને તેની બરકતો નાઝિલ થાય, અમારા પર અને અલ્લાહ ના દરેક સદાચારી બંદાઓ પર પણ સલામતી નાઝિલ થાય, હું ગવાહી આપું છું, કે અલ્લાહ સિવાય કોઈ ઇલાહ (ઈબાદત ને લાયક) નથી અને હું ગવાહી આપું છું કે મુહમ્મદ સલ્લલાહુ અલયહિ વસલ્લમ તેના બંદા અને રસૂલ છે.)

પછી દરૂદ પઢવું જોઈએ અને આપના માટે બરકતની દુઆ કરવી જોઈએ.

(اللَّهُمَّ صَلِّ عَلَى مُحَمَّدٍ وَآلِ مُحَمَّدٍ، كَمَا صَلَّيْتَ عَلَى آلِ إِبْرَاهِيمَ، إِنَّكَ حَمِيدٌ مَجِيدٌ، اللَّهُمَّ بَارِكْ عَلَى مُحَمَّدٍ وَآلِ مُحَمَّدٍ، كَمَا بَارَكْتَ عَلَى آلِ إِبْرَاهِيمَ، إِنَّكَ حَمِيدٌ مَجِيدٌ)

(હે અલ્લાહ! મુહમ્મદ અને તેમની સંતાન પર રહેમતો નાઝિલ કર જેવી રીતે તે ઈબ્રાહીમ અને તેમની સંતાન પર રહેમતો નાઝિલ કરી, ખરેખર તું વખાણને લાયક અને બુઝુર્ગીવાળો છું. હે અલ્લાહ! મુહમ્મદ અને તેમની સંતાન પર બરકતો નાઝિલ કર જેવી રીતે તે ઈબ્રાહીમ અને તેમની સંતાન પર બરકતો નાઝિલ કરી, ખરેખર તું વખાણને લાયક અને બુઝુર્ગીવાળો છું.)

છેલ્લા તશહ્હુદમાં જહન્નમના અઝાબ, કબરના અઝાબ, જીવન અને મૃત્યુ તેમજ દજ્જાલના ફિતનાથી પનાહ માંગવી જોઈએ અને આ પ્રમાણે કહેવું જોઈએ.

(اللَّهُمَّ إِنِّي أَعُوذُ بِكَ مِنْ عَذَابِ جَهَنَّمَ، وَأعوذ مِنْ عَذَابِ الْقَبْرِ، وَأعوذ مِنْ فِتْنَةِ الْمَسِيحِ الدَّجَّال ، وَأعوذ مِنِ فِتْنَةِ الْمَحْيَا وَالْمَمَاتِ)

(હે અલ્લાહ! પોતાના ઝિકર, શુકર અને શ્રેષ્ઠ ઈબાદત માટે તું મારી મદદ કર. હે અલ્લાહ! મેં મારા પર ઘણો જુલમ કર્યો છે, અને તારા સિવાય કોઈ ગુનાહ માફ કરી શકતું નથી, તું મારા ગુનાહ માફ કરી દે અને મારા પર રહેમ કર, ખરેખર તું ઘણો જ માફ કરનાર અને રહેમ કરવાવાળો છે.)

હા, પહેલા તશહહુદમાં શહાદતૈયન પછી ઝોહર, અસર, મગરિબ, અને ઈશામાં ત્રીજી રકઅત માટે ઉભા થઇ જશે, અને જો આપ ﷺ પર દરૂદ પણ પઢશે તો સારૂં છે, કારણકે તેના વિશે હદીષમાં વર્ણન સામાન્ય છે, પછી ત્રીજી રકઅત માટે ઉભા થઇ જાય.

## દસમો સબક: નમાઝની સુન્નતો

તે નીચે પ્રમાણે છે:

૧. દુઆએ ષના પઢવી

૨. કિયામ કરતા સમયે, રુકુઅ પહેલા હોય અથવા પછી હોય, જમણા હાથની હથેળી ડાબા હાથ પર છાતી પર મુકવા.

૩. તકબીરે તહરિમા, રુકુઅ માટે ઝુકતા સમયે અને રુકુઅ કરી ઉભા થઇ, અને પહેલા તશહહુદ કરી ત્રીજી રકઅત માટે ઉભા થતી વખતે બન્ને હાથોની આંગળીઓ ભેગી કરી હાથને ખભા અથવા કાનબુટી સુધી ઉઠાવવા.

૪. રુકુઅ અને સિજદામાં એકથી વધારે તસ્બીહ પઢવી

રુકુઅ કરી જ્યારે ઉભા થાવ તો રબ્બના વ લકલ્ હમ્દ અને વધુ દુઆ પઢવી, અને બન્ને સિજદાની વચ્ચે એકથી વધારે વખત માફીની દુઆ માંગવી.

૬. રુકુઅમાં માથાને પીઠ બરાબર રાખવું.

૭. સિજદો કરતી વખતે બાઝુઓ અલગ રાખવા, એવી જ રીતે પેટને રાનના ભાગથી, અને રાનને પિંડલી થી દુર રાખવા.

૮. સિજદાની સ્થિતિમાં બન્ને બાઝુઓને જમીનથી ઉઠાવી રાખવું.

૯. પહેલા તશહ્હુદમાં અને બન્ને સિજદા વચ્ચે નમાઝીએ ડાબા પગ ઉપર બેસવું, અને જમણા પગને ઉભો રાખવો.

૧૦. ત્રણ અથવા ચાર રકઅતની નમાઝ પઢતા હોય તો છેલ્લા તશહ્હુદમાં તવર્રુક કરવું, અર્થાત જમણા પગને ઉભો રાખી, તેની નીચેથી ડાબા પગને કાઢવો, અને થાપાને જમીન પર મૂકી બેસવું.

૧૧. પહેલા અને બીજા તશહ્હુદમાં બેઠકના સમયથી લઈને કે સલામ ફેરતા સુધી શહાદતની

આંગળીથી ઈશારો કરવો અને દુઆના સમયે તેને હરકત આપવી.

૧૨. પહેલા તશહ્હુદમાં મુહમ્મદ અને તેમના ખાનદાનના લોકો પર અને એવી જ રીતે ઈબ્રાહીમ અને તેમના ખાનદાનના લોકો પર દરુદ અને બરકત પઢવું. દરુદે ઈબ્રાહીમ પઢવું.

૧૩. છેલ્લા તશહ્હુદમાં દુઆ કરવી.

૧૪. ફજરની નમાઝ, જુમ્માની નમાઝ, ઇદની નમાઝ, વરસાદ માટે પઢવામાં આવતી નમાઝ, અને મગરિબ તેમજ ઈશાની પ્રથમ બે રકઅતોમાં તિલાવત બુલંદ અવાજે પઢવી.

૧૫. ઝોહરની નમાઝ, અસરની નમાઝ, મગરિબની ત્રીજી રકઅત અને ઈશાની છેલ્લી બે રકઅતોમાં તિલાવત ધીમા અવાજે કરવી.

૧૬. સૂરે ફાતિહા વગર કુરઆન મજીદ માંથી અન્ય આયતોની તિલાવત કરવી.

વર્ણવેલ સુન્નતો વગર નમાઝના અન્ય ફરમાનને પણ ધ્યાનમાં રાખવામાં આવે, ઉદાહરણ તરીકે, રુકુઅ

માંથી માથું ઉઠાવ્યા પછી ઇમામ મુસલ્લીઓનું રબ્બના વ લકલ હમ્દ વગર વધુ દુઆઓ પઢવી, કારણકે આ સુન્નત છે, એવી જ રીતે રુકુઅ કરતી વખતે બન્ને હાથને ઘુંટણ પર એવી રીતે મુકવા કે હાથની આંગળીઓ ફેલાયેલી હોય.

## અગિયારમો સબક: નમાઝ ને બાતેલ કરવાવાળી વસ્તુઓ

અને તે આઠ છે:

૧. ઇલ્મ અને બુદ્ધિ હોવા છતાંય જાણી જોઈને વાર્તાલાપ કરવી, જો કે ભુલ ભૂલ માંથી વાત કરનારની નમાઝ બાતેલ થતી નથી.

૨. હસવું

3. ખાવું

૪. પીવું

૫. શરમગાહ જાહેર થવી

૬. કિબ્લા તરફથી હટીજવું

૭. નમાઝમાં સતત વ્યર્થ હરકતો કરવી

૮. વુઝુ તૂટી જવું.

## બારમો પાઠ: વુઝુ માટેની શરતો.

અને તે દસ છે:

ઇસ્લામ, બુદ્ધિ, તમીઝ, નિયત, સંપૂર્ણ વુઝુ સુધી નિયત બાકી રાખવી, વુઝુના કારણો ખત્મ થઈ જવા, વુઝુ પહેલા પાણી અથવા પથ્થર અથવા ઢેલા વડે ઇસ્તિનજા કરવું, પાણીનું પાક અને જાઈઝ હોવું, ચામડી સુધી પાણી પહોંચવા માટે જે અવરોધ હોય તેને દૂર કરવી, એવા વ્યક્તિ માટે નમાઝનો સમય થઈ જવો જેની નાપાકી હંમેશા માટે હોય.

## તેરમો સબક: વુઝુ માટે જરૂરી વસ્તુઓ

અને તે છ છે.

ચહેરો ધોવો તેમાં જ નાકમાં પાણી નાખવું અને કોગળા કરવા પણ ગણવામાં આવશે, બન્ને હાથને કોણી સુધી ધોવી, સંપૂર્ણ માથાનો મસહ કરવો, તેમાંજ કાનનો મસહ કરવો પણ ગણવામાં આવશે, બન્ને પગને ઘૂંટી સુધી ધોવા, તરતીબ, એક પછી એક ક્રમ પ્રમાણે અંગો

ધોવા, ચેહરો, બન્ને હાથ અને બન્ને પગને ત્રણ ત્રણ વખત ધોવુ મુસ્તહબ છે, એવી જ રીતે ત્રણ વખત કોગળા કરવા અને નાકમાં પાણી ચઢાવવું પણ મુસ્તહબ છે, પરંતુ જરૂરી ફક્ત એક વાર જ છે, જો કે માથાનો મસહ એક થી વધારે વખત નથી કરી શકતા, જેવું કે સહીહ હદીષોથી જાણવા મળે છે.

## ચૌદમો પાઠ: વુઝુ તૂટવાની વસ્તુઓ:

તે છ છે:

પેશાબ અથવા સંડાસની જગ્યાએથી નીકળતી વસ્તુ, શરીર માંથી નીકળતી સખત નાપાકી, ઊંઘ અથવા કોઈ અન્ય કારણસર બુદ્ધિ મંદ પડી જવી, આગળ અથવા પાછળની શરમગાહને કોઈ આડ વગર સ્પર્શ કરવું, ઊંટનું મટન ખાવું, ઇસ્લામથી ફરી જવું, અલ્લાહ તઆલા મને અને સમગ્ર મુસલમાનોને આનાથી બચાવે.

એક અગત્યની સાવચેતી: જ્યાં સુધી મૃતકને ગુસલ આપવું તો યોગ્ય વાત એ છે કે તેના કારણે ગુસલ

આપનારનું વુઝુ નથી તૂટતું, અને આ જ કેટલાક આલિમોનું કહેવું છે, કારણકે તેની કોઈ દલીલ નથી, જો કે ગુસલ આપનારનો હાથ મૃતકની શરમગાહ પર કોઈ આડ વગર સ્પર્શ થઈ જાય તો તેના માટે વુઝુ કરવું જરૂરી છે,

ગુસલ આપનાર માટે જરૂરી છે કે તે મૃતકને ગુસલ આપતી વખતે કોઈ આડ વગર સ્પર્શ ન કરે, એવી જ રીતે સ્ત્રીને સ્પર્શ કરવુ પણ આલિમોના સાચા મંતવ્ય પ્રમાણે વુઝુ તૂટતું નથી, ભલેને શહવત સાથે હોય કે તેના વગર, જ્યાં સુધી કે કોઈ વસ્તુ ન નીકળે, એટલા માટે કે આપ ﷺ એ પોતાની કેટલીક પત્નીઓનું ચુંબન લીધું છે, અને પછી નમાઝ પઢી છે અને વુઝુ નથી કર્યું.

જ્યાં સુધી સૂરે નિસા અને સૂરે માઈદહમાં અલ્લાહનું આ ફરમાન:

﴿...أَوْ لَامَسْتُمُ النِّسَاءَ...﴾ [النساء آية: 43]

{અથવા તમે પત્નીઓ સાથે સમાગમ કર્યું હોય} [સૂરે નિસા: ૪] આલિમોના સાચા મંતવ્ય પ્રમાણે તેનો અર્થ

સમાગમ છે, અને ઈબ્ને અબ્બાસ તેમજ પહેલા અને પછી આવનાર આલિમોનું આ જ મંતવ્ય છે. અલ્લાહ જ સફળતા આપે.

## પંદરમો સબક: દરેક મુસલમાન માટે શરીઅતે જરૂરી કરેલ અખલાક અપનાવવા જોઈએ.

તેમાંથી: સચ્ચાઈ, અમાનતદારી, પવિત્રતા, શરમ અને હયા, બહાદુરી, દાન કરવું, આજ્ઞાકારી, વફાદારી, અલ્લાહએ હરામ કરેલ વસ્તુઓથી દુર રહેવું, પોતાની ક્ષમતા પ્રમાણે જરૂરતમંદની મદદ કરવી, તે સિવાયને દરેક અખલાક જેની શરીઅતમાં દલીલ મળે છે.

## સોલમો પાઠ: ઇસ્લામી અદબ અપનાવવા.

તેમાંથી: સલામ કરવું, હસતા મોઢે મુલાકાત કરવી, જમણા હાથ વડે ખાવું, ખાવાનું શરૂ કરતા પહેલા બિસ્મિલ્લાહ કહેવું, ખાઈ લીધા પછી અલ્ હમ્દુ લિલ્લાહ કહેવું, છીંક આવ્યા પછી અલ્ હમ્દુ લિલ્લાહ કહેવું, તેના છીંકનાર જો અલ્ હમ્દુ લિલ્લાહ કહે તો તેનો જવાબ આપવો, બીમારની ખબર પૂછવી, નમાઝ પઢવા અને

દફન કરવા માટે જનાઝા પાછળ જવું, મસ્જિદ અથવા ઘરમાં દાખલ થતી વખતે અથવા નીકળતી વખતે, સફર કરતી વખતે, માતાપિતા, સગા સંબંધી, પાડોશી સાથે, નાના મોટા દરેક સાથે સારો વ્યવહાર કરવા,જન્મ થયેલ બાળકને  અને લગ્નની મુબારક બાદી આપવા, મુસીબતમાં સપડાયેલા વ્યક્તિની દિલાસો આપવામાં, અને તે સિવાય કપડાં પહેરતી વખતે, અને ઉતારતી વખતે, ચપ્પલ પહેરવા અને ઉતારવામાં ઇસ્લામી આદાબનો ખ્યાલ કરવો.

## સત્તરમો પાઠ: શિર્ક તેમજ અન્ય ગુનાહોથી ચેતવણી:

તેમાંથી: સાત નષ્ટ અને બરબાદ કરી દે તેવા ગુનાહો નીચે પ્રમાણે છે, અલ્લાહ સાથે શિર્ક કરવું, જાદુ કરવું, કોઈ એવા વ્યક્તિની જાન લેવી, જેને અલ્લાહએ હરામ કર્યું છે, વ્યાજ ખાવું, અનાથનો માલ ખાવો, જંગના મેદાનથી ભાગી જવું, નિર્દોષ સ્ત્રી પર આરોપ લગાવવો,

તેમાંથી કેટલાક ગુનાહો નીચે પ્રમાણે છે: માતાપિતાની નાફરમાની, સંબંધી સાથે દુર્વ્યવહાર, જૂઠી ગવાહી આપવી, જૂઠી કસમ ખાવી, પાડોશીને તકલીફ આપવી, લોકોની જાન, માલ અને ઇઝઝત પર અત્યાચાર કરવો, નશીલા પદાર્થનો ઉપયોગ કરવો, જુગાર રમવું, ગિબત કરવી, ચાડી કરવી, અને આ સિવાય તે વસ્તુઓ જેને અલ્લાહ અથવા તેના રસૂલે રોક્યા હોય.

## અઢારમો પાઠ: મૈયતના કફન, નમાઝ અને દફનનું વર્ણન

તેની સ્પષ્ટતા નીચે પ્રમાણે છે:

### પહેલું: લા ઇલાહને યાદ અપાવવું:

જ્યારે કોઈ વ્યક્તિ મૌતની નજીક હોય તો તેને લા ઇલાહ ઇલ્લલ્લાહ વાંરવાર પઢવા માટે યાદ અપાવવું જોઇએ. કારણકે આપ ﷺ એ કહ્યું:

(لَقِّنُوا مَوْتاكُمْ: لا إِلَهَ إِلّا اللَّهُ)

(તમે પોતાના મૃતકોને લા ઇલાહ ઇલ્લલ્લાહ ઝિકરને યાદ અપાવો),[7] સહીહ મુસ્લિમ આ હદીષમાં મૃતક અર્થાત તે લોકોને જેમના પર મૃત્યુની નિશાનીઓ જાહેર થઈ ગઈ હોય.

**બીજું: જ્યારે કોઈની મૌતનું યકીન થઈ જાય તો પહેલા તેની આંખો બંધ કરી દેવી જોઇએ, અને તેના ગાલ બાંધી દેવા જોઇએ.**

કારણકે આપ ﷺ નું વર્ણન આ પ્રમાણે છે:

**ત્રીજું: મુસલમાન મૃતકને ગુસલ આપવું, વાજિબ છે, પરંતુ જો તે યુદ્ધમાં શહીદ થયો હોય તો**

તો તેને ન તો ગુસલ આપવામાં આવશે અને ન તો તેની નમાઝ પઢવામાં આવશે, પરંતુ તેને તે જ કપડા મા દફન કરવામાં આવશે, કારણકે આપ ﷺ એ ઉહદના

---

[7] મુસ્લિમ જનાઇઝ (૯૧૬), તીર્મિઝી જનાઇઝ (૯૭૬), નસાઈ જનાઇઝ (૧૮૨૬), અબૂ દાવુદ જનાઇઝ (૩૧૧૭), ઈબ્ને માજા જનાઇઝ (૧૪૪૫) અહમદ (3/3).

શહીદોને ન તો ગુસલ આપ્યું હતું અને ન તો તેમના માટે જનાઝાની નમાઝ પઢી હતી.

## ચોથું: મૈયતને ગુસલ આપવાનો તરીકો

મૈયતને ગુસલ આપવાનો તરીકો આ પ્રમાણે છે, તેની શરમગાહને છુપાવી દેવામાં આવે, પછી તેને થોડુંક ઉઠાવવામાં આવે અને પછી તેના પેટને ધીમેથી દબાવવામાં આવે, પછી ગુસલ આપનાર પોતાના હાથ પર પાટો અથવા એ પ્રમાણેની કોઈ વસ્તુ લપેટી લે, અને તેનાથી તેની નાપાકી સાફ કરે, પછી તેને નમાઝ માટે જેવી રીતે વુઝુ કરીએ છીએ તે રીતે વુઝુ કરાવવું જોઈએ, પછી પાણી અને બોરડીના પાંદડા વડે અથવા એ પ્રમાણેની બીજી વસ્તુથી તેની દાઢી અને માથું ધોવું જોઈએ, પછી તેની જમણી બાજુ અને પછી ડાબી બાજુને ધોવું જોઈએ, પછી એવી જ રીતે તેને બીજી અને ત્રીજી વખત ગુસલ આપવું જોઈએ, દરેક વખત તેના પેટ પર હાથ ફેરવવો જોઈએ, અને જો તેમાથી કોઈ વસ્તુ નીકળે તો તેને ધોઈ નાખવી જોઈએ, અને તે જગ્યાને રૂ વગેરેથી બંધ કરી દેવી જોઈએ, અને જો નાપાકી

નીકળવાનું બંધ ન થાય તો સાફ નરમ માટી અથવા આધુનિક ટેક્નિક વડે ઉદાહરણ તરીકે ટેપ વગેરેથી તેને બંધ કરી દે,

પછી મૈયતને ફરીવાર વુઝુ કરાવવું જોઈએ, અને જો ત્રણ વખતમાં સફાઈ ન થાય તો પાંચ અથવા સાત વખત ગુસલ આપે, પછી તેને કપડાં વડે સુકાવી દેવામાં આવે, અને સિજદાની જગ્યા અને જોડકામાં ખુશ્બુ લગાવવામાં આવે, અને જો સંપૂર્ણ શરીરને ખુશ્બુ લગાવવામાં આવે તો સારું છે, અને તેના કફનને ખુશ્બુ આપવામાં આવે અને જો તેની મુંછો અને નખ લાંબા હોય તો કાપી નાખવામાં આવે, અને જો એવા જ છોડી દેવામાં આવે તો કંઈ વાંધો નથી, પરંતુ વાળમાં કાંસકો ફેરવવામાં ન આવે, દુટી નીચેના વાળ સાફ કરવામાં ન આવે, અને ન તો ખતના કરવામાં આવે, કારણકે તેની કોઈ દલીલ નથી, અને સ્ત્રીના વાળની ત્રણ ચોટલીઓ બનાવી તેની પીઠ પર છોડી દેવામાં આવે.

## પાંચમું: મૈયતને કફન આપવું

બહેતર એ છે કે પુરુષને ત્રણ સફેદ કપડામાં કફન આપવામાં આવે જેમાં કમિસ અને પાઘડી ન હોય, જેવું કે આપ ﷺ સાથે કરવામાં આવ્યું, મૈયતને તે કપડાંમાં સારી રીતે લપેટી દેવામાં આવે, અને જો કમિસ, ચાદર અને લેઘામાં કફન આપવામાં આવે તો કોઈ વાંધો નથી,

સ્ત્રીને પાંચ કપડાંમાં કફન આપવામાં આવે કમિસ, દુપટ્ટો, સલવાર અને બે ચાદરો નાના બાળકને એક અથવા ત્રણ કપડામાં કફન આપવામાં આવશે, અને નાની બાળકીને એક કમિઝ અને બે ચાદરોમાં કફન આપવામાં આવશે.

જો કે દરેક માટે એક કપડામાં કફન આપવું વાજીબ છે, જે સંપૂર્ણ શરીરને ઢાંકી લે, પરંતુ જો મૃતક એહરામની સ્થિતિમાં હોય તો તેને પાણી અને બોરડીથી ગુસલ આપવામાં આવશે, અને તે જ ચાદર અને સલવારમાં અથવા તે સિવાયના કપડામાં કફન આપવામાં આવશે, જો કે તેનું માથું અને ચેહરો

ઢાંકવામાં નહિ આવે, અને ન તો તેને ખુશ્બુ લગાવવામાં આવશે, કારણકે અલ્લાહના રસૂલ ﷺ ની સહીહ હદીષથી સાબિત છે, કયામતના દિવસે તે વ્યક્તિ તલબીયહ પઢતો ઉઠાવવામાં આવશે, અને જો અહેરામની સ્થિતિમાં મૃત્યુ પામનારી સ્ત્રી હોય, તો અન્ય સ્ત્રીની જેમ તેને પણ કફન આપવામાં આવશે, પરંતુ તેને ખુશ્બુ લગાવવામાં નહિ આવે, અને ન તો તેના ચહેરાને નકાબ વડે અથવા દસ્તાના વડે ઢાંકવામાં આવશે, પરંતુ તેના હાથ અને ચહેરાને તે જ કપડાંથી ઢાંકવામાં આવશે, જેમાં તેને કફન આપવામાં આવ્યું છે, જેવું કે સ્ત્રીના કફન આપવાનું વર્ણન આગળ થઈ ગયું છે.

## છઠ્ઠું: મૈયતને ગુસલ આપવા તેની જનાઝાની નમાઝ પઢાવવા અને તેને કફન આપવા માટે સૌથી વધારે હક.

મૈયતને ગુસલ આપવા તેની જનાઝાની નમાઝ પઢાવવા અને તેને કફન આપવા માટે સૌથી વધારે હક

તે વ્યક્તિનો છે, જેણે તેને વસિયત કરી હોય, પછી પિતા, દાદા, નજીકના સંબંધી હક રાખે છે.

એવી જ રીતે સ્ત્રીને ગુસલ આપવા માટે સૌથી વધારે હક જેના વિશે વસિયત કરી હોય તેનો છે, પછી માતા, દાદી અને પછી તેના નજીકના સંબંધી, મિયા અને બીવી બેવ એકબીજાને ગુસલ આપવાનો હક ધરાવે છે, એટલા માટે કે અબૂ બકર સિદ્દીક રઝી. એ પોતાની પત્નીને ગુસલ આપ્યું હતું, અને એટલા માટે પણ અલી રઝી. એ પોતાની પત્ની ફાતિમા રઝી. ને ગુસલ આપ્યું હતું.

## સાતમું: જનાઝાની નમાઝનો તરીકો

જનાઝાની નમાઝમાં ચાર તકબીરો કહેવામાં આવે છે: પ્રથમ તકબીર પછી સૂરે ફાતિહા પઢવામાં આવશે, અને તેના સાથે કોઈ નાની સુરત અથવા એક બે આયતો પઢી લેશો બહેતર રહેશે, કારણકે ઈબ્ને અબ્બાસ રઝી. આ વિશે સહીહ હદીષમાં છે. બીજી તકબીરમાં આપ ﷺ પર દરૂદ પઢવામાં આવે, ત્રીજી તકબીર કહી આ દુઆ પઢવી. અર્થ:

(اللَّهُمَّ اغْفِرْ لِحَيِّنَا وَمَيِّتِنَا، وَصَغِيرِنَا وَكَبِيرِنَا، وَذَكَرِنَا وَأُنْثَانَا، وَشَاهِدِنَا وَغَائِبِنَا، اللَّهُمَّ مَنْ أَحْيَيْتَهُ مِنَّا فَأَحْيِهِ عَلَى الْإِسْلَامِ ، وَمَنْ تَوَفَّيْتَهُ مِنَّا فَتَوَفَّهُ عَلَى الْإِيمَانِ، اللَّهُمَّ اغْفِرْ لَهُ وَارْحَمْهُ، وَعَافِهِ وَاعْفُ عَنْهُ، وَأَكْرِمْ نُزُلَهُ وَوَسِّعْ مُدْخَلَهُ، وَاغْسِلْهُ بِالْمَاءِ وَالثَّلْجِ وَالْبَرَدِ، وَنَقِّهِ مِنَ الْخَطَايَا كَمَا نَقَّيْتَ الثَّوْبَ الْأَبْيَضَ مِنَ الدَّنَسِ، وَأَبْدِلْهُ دَارًا خَيْرًا مِنْ دَارِهِ، وَأَهْلًا خَيْرًا مِنْ أَهْلِهِ، وَزَوْجًا خَيْرًا مِنْ زَوْجِهِ، وَأَدْخِلْهُ الْجَنَّةَ وَأَعِذْهُ مِنْ عَذَابِ الْقَبْرِ، أَوْ مِنْ عَذَابِ النَّارِ، وافسَحْ له في قبرِهِ، ونوِّرْ له فيه، اللَّهُمَّ لَا تَحْرِمْنَا أَجْرَهُ، وَلَا تُضِلَّنَا بَعْدَهُ)،

(હે અલ્લાહ! અમારા જીવિત તેમજ જે લોકોની વફાત થઈ ગઈ છે, તેમને માફ કરી દે, તેમજ હાજર અને ગાયબ લોકોને માફ કરી દે, તેમજ અમારા નાના અને મોટા લોકોને માફ કરી દે, અમારા પુરૂષો અને સ્ત્રીઓને માફ કરી દે, હે અલ્લાહ! અમારા માંથી તું જેને જીવિત રાખે તેને ઇસ્લામ પર જીવિત રાખ અને અમારા માંથી જેની વફાત લખી હોય તો તેને ઈમાન પર વફાત આપ, ((હે અલ્લાહ! તેને માફ કરી દે, તેનાં પર રહેમ કર, તેને આફિયત આપ, તેને માફ કરી દે, અને તેની મહેમાન નવાઝી ઈજ્જત સાથે કર, અને તેના દાખલ

થવાની જગ્યા ને વિશાળ કરી દે, અને તેને પાણી, બરફ અને ઓલાઓ ની સાથે ધોઈ નાંખ, અને તેને ગુનાહોથી એવી રીતે સાફ કરી દે જેવી રીતે સફેદ કપડાં માંથી મેલ સાફ કરે છે, અને તેને તેનાં ઘરના બદલામા શ્રેષ્ઠ ઘર આપ, તેનાં ઘરવાળાઓના બદલામા શ્રેષ્ઠ ઘરવાળાઓ આપ, અને પત્નીના બદલામા શ્રેષ્ઠ પત્ની આપ, અને તેને જન્નતમાં દાખલ કર, અને તેને કબરના અઝાબ અને આગથી બચાવ)) તેની કબરને ચોડી કરી દે અને તેને નૂરથી ભરી દે, હે અલ્લાહ! તું અમને આ વફાત પામેલ વ્યક્તિના સવાબથી વંચિત ન કરજે અને અમને આ પછી પથભ્રષ્ટ ન કરજે), ચોથી તકબીર કહ્યા પછી જમણી બાજુ એક સલામ ફેરવવી જોઈએ.

અને મુસ્તહબ છે કે દરેક તકબીર વખત હાથ ઉઠાવવા જોઈએ અને જો મૈયત સ્ત્રી હોય તો અલ્લાહુમ્મગફિર લહા... અને જો બે થી વધુ હોય તો અલ્લાહુમ્મગ્ફિર લહુમ... કહેવું જોઈએ. અને જો ફક્ત સ્ત્રીઓ હોય તો અલ્લાહુમ્મગ્ફિર લહુન્ન... કહેવું જોઈએ.

અને જો મૈયત બાલિગ ન હોય તો મગફિરતના બદલામાં આ દુઆ પઢવી જોઈએ.

(اللَّهُمَّ اجْعَلْهُ فَرَطَاً وَذُخْراً لِوَالِدَيْهِ، وشَفِيعاً مُجَاباً، اللَّهُمَّ ثَقِّلْ بِهِ مَوَازِيْنَهُمَا، وأعْظِمْ بِهِ أُجُورَهُمَا، وأَلْحِقْهُ بِصَالِحِ المُؤْمِنِينَ، واجْعَلْهُ فِي كَفَالَةِ إِبْرَاهِيمَ، وَقِهِ بِرَحْمَتِكَ عَذَابَ الجَحِيمِ) .

(હે અલ્લાહ! આને આગળ જવાવાળો અને તેના માતાપિતા માટે ખજાનો અને એવો ભલામણ કરનાર બનાવ, જેની ભલામણ કબૂલ કરવામાં આવી છે, હે અલ્લાહ! તેના કારણે તેના માતાપિતાના ત્રાજવામાં વજન પેદા કરી દે, અને તેને નેક ઇમાનવાળાઓમાં બનાવી દે, અને ઈબ્રાહીમ અ.સ. ની દેખરેખ હેઠળ તેને આપી દે, અને પોતાની રહેમતથી તેને જહન્નમના અઝાબથી બચાવી લે.)

સુન્નત એ છે કે ઇમામ, પુરુષના માથા બરાબર અને સ્ત્રીના જનાઝાની વચ્ચે ઉભો રહેશે, અને જો એકથી વધારે જનાઝા હોય તો પુરુષના જનાઝા ઇમામની સાથે અને સ્ત્રીના જનાઝા કિબ્લા તરફ હોય, અને જો તેમની સાથે બાળકો પણ હોય તો બાળકના જનાઝા સ્ત્રીઓ

પહેલા અને પછી સ્ત્રીનો જનાઝો અને પછી બાળકીનો જનાઝો, અને બાળકનું માથું અને સ્ત્રીની કમરનો ભાગ પુરુષના જનાઝાના માથા બરાબર હોવો જોઈએ અને એવી જ રીતે બાળકીનું માથું સ્ત્રી ના જનાઝાના માથા બરાબર હોવો જોઈએ, અને તેની કમર પુરુષના માથા બરાબર હોવી જોઈએ. દરેક નમાઝી ઇમામની પાછળ ઉભા રહેશે, જો કદાચ કોઈ ઇમામ પાછળ જગ્યા ન મળે તો ઇમામની જમણી બાજુ ઉભો રહેશે.

## આઠમું દફન કરવાની રીત

યોગ્ય રીતે આ પ્રમાણે છે કે વ્યક્તિની કમર સુધી કબર ખોદવામાં આવે, અને તેમાં કિબ્લા તરફ લહેદ બનાવવામાં આવે, મૈયતને લહેદમાં જમણી બાજુ પર રાખવામાં આવે, અને તેના કફનની ગાંઠ ખોલી તેને છોડી દેવામાં આવે, તેને નિકાળવામાં ન આવે, મૈયત પુરુષ હોય કે સ્ત્રી તેનો ચહેરો ખોલવામાં ન આવે, પછી લહેદની ઉપર કાચી ઈંટો મૂકી માટી વડે લેપ મારવામાં આવે, જેથી ઈંટો મજબૂત બની જાય, અને મૈયત સુધી માટી જવી ન જોઈએ, જો ઈંટો ન મળી શકે તો તેની

જગ્યા પથ્થર અથવા લાકડી મુકવામાં આવે, જે લહેદમાં માટી જવા ન દે, પછી તેના પર માટી નાખવામાં આવે માટી નાખતી વખતે બિસ્મિલ્લાહ વ અલા મિલ્લતિ રસૂલિલ્લાહ પઢવું મુસ્તહબ છે, માટી નાખ્યા પછી એક વેંત બરાબર કબર ઉંચી કરી દેવામાં આવે, અને જો બંદોબસ્ત હોય તો કબર પર કાંકરીઓ નાખી દેવામાં આવે અને પાણીની છીળકાવ કરી દેવામાં આવે.

જનાઝા સાથે જનારે જોઈએ કે દફન કર્યા પછી કબર પાસે ઉભા રહે અને મૈયત માટે દુઆ કરવી જોઈએ, કારણકે આપ ﷺ જ્યારે મૈયતને દફનાવી ફારીગ થતા તો કબર પાસે ઉભા રહેતા અને કહેતા:

(اسْتَغْفِرُوا لِأَخِيكُمْ، وَسَلُوا لَهُ بِالتَّثْبِيتِ، فَإِنَّهُ الْآنَ يُسْأَلُ)

**(પોતાના ભાઈ માટે માફી તલબ કરો, તેના માટે સાબિત રહેવાની દુઆ કરો, કારણકે હવે તેનાથી સવાલ જવાબ કરવામાં આવશે.)**[8]

---

[8] અબૂ દાવુદ અલ્ જનાઇઝ: ૩૨૨૧

## નવમું: જો કારણસર જનાઝાની નમાઝ પઢી શકે તો તેના માટે દફન પછી નમાઝ પઢવી જાઈઝ છે.

કારણકે આપ ﷺ એ આવું કર્યું હતું, મૈયતની દફનવિધિ પછી એક મહિનાની અંદરો અંદર નમાઝ પઢી શકાશે અને જો તેનાથી વધુ સમય થઈ ગયો હોય તો પછી તેના માટે જનાઝાની નમાઝ પઢવી જાઈઝ નથી, કારણકે આપ ﷺ થી તેની કોઈ દલીલ મળતી નથી, કે મૈયતના દફન કર્યાના એક મહિના પછી જનાઝાની નમાઝ પઢી હોય.

## દસમુ: મૈયતના ઘરવાળાઓ માટે જાઈઝ નથી કે તેઓ લોકો માટે ખાવાનું બનાવે.

કારણકે રસૂલ ﷺ ના સહાબી જરીર બિન અબ્દુલ્લાહ રઝી. કહે છે:

(كنا نعدُّ الاجتماعَ إلى أهلِ الميتِ وصنعةَ الطعامِ بعدَ الدفنِ من النياحةِ)

**(મૈયતને દફન કર્યા પછી મૈયતના ઘરે ભેગું થઈ અને (તે લોકોનું) બધા માટે ખાવાનું બનાવવાને અમે તેને નોહા શુમાર કરતા હતા.) [આ અસરને ઇમામ અહમદે હસન દરજ્જા સાથે રિવાયત કર્યો છે.]** હા, મૈયતના ઘરવાળાઓ માટે અથવા તેમના મહેમાનો માટે ખાવાનું તૈયાર કરવામાં કોઈ વાંધો નથી, મૈયતના પાડોશી અથવા સંબંધી માટે જાઈઝ છે કે તેઓ મૈયતના ઘરવાળાઓ માટે ખાવાનું તૈયાર કરે, કારણકે જ્યારે નબી ﷺ ને શામથી જઅફર બિન અબી તાલિબની મૌતની ખબર સાંભળી તો આપ ﷺ એ પોતાના ઘરવાળાઓને આદેશ આપ્યો કે જઅફરના ઘરવાળાઓ માટે ખાવાનું ખવડાવે, અને કહ્યું:

(إِنَّه أَتَاهُمْ مَا يَشْغَلُهُمْ).

**(તેમની પાસે એવી ખબર આવી છે, જેને તે લોકોને ગાફેલ કરી દીધા છે.)**[9]

---

[9] તીર્મિઝી અલ્ જનાઇઝ (૯૯૮) અબૂ દાવુદ અલ જનાઇઝ (૩૧૩૨) ઈબ્ને માજા અલ જનાઈઝ (૧૬૧૦)

મૈયતના ઘરવાળાઓ માટે હદીયા રૂપે જે ખાવાનું આવ્યું હોય તે ખાવા માટે પાડોશી વગેરેને બોલાવી લો તેમાં કોઈ વાંધો નથી, અને અમારા ઇલ્મ પ્રમાણે સમયની કોઈ હદ નક્કી નથી.

## અગિયાર: સ્ત્રી માટે કોઈના મૃત્યુ પામવા પર ત્રણ દિવસથી વધારે સોગ મનાવવું જાઈઝ નથી, જો કે પોતાના પતિના મૃત્યુ પર અથવા જો બાળક ગર્ભમાં હોય તો

પતિના મૃત્યુ પર ચાર મહિના દસ દિવસ અને ગર્ભવતી સ્ત્રી માટે ગર્ભપાત સુધી સોગ બનાવશે, જેવું કે આપ ﷺ ની સહીહ હદીષોથી સાબિત છે,

જો કે પુરુષ માટે પોતાના સંબંધીના મૃત્યુ પર સોગ મનાવવું જાઈઝ નથી.

## બારમું: પુરુષો માટે કબરવાળાઓ માટે દુઆ કરવી અને તેમના માટે રહેમત તલબ કરવી તેમના મૃત્યુ અથવા પછી યાદ કરવા માટે સમયાંતરે કબરોની ઝીયારત કરવી જાઈઝ છે.

કારણકે આપ ﷺ નું કહેવું છે:

(زُورُوا الْقُبُورَ فَإِنَّهَا تُذَكِّرُكُمُ الْآخِرَةَ)

(કબરોની ઝિયારત કરતા રહો કારણકે તે તમને આખિરતની યાદ અપાવે છે.)[10] આ હદીષને ઇમામ મુસ્લિમેં પોતાની સહીહમાં વર્ણન કરી છે એવી જ રીતે આપ ﷺ પોતાના સહાબાઓને શિક્ષા આપતા હતા કે જ્યારે તેઓ કબરોની ઝિયારત કરે તો આ દુઆ પઢે:

---

[10] મુસ્લિમ અલ્ જનાઈઝ (૯૭૬) અન નસાઈ અલ જનાઈઝ (૨૦૩૪) અબુ દાવુદ અલ જનાઈઝ (૩૨૩૪) ઈબ્ને માજા અલ જનાઇઝ (૧૫૬૯) અહમદ (૨/૪૪૧).

(السَّلَامُ عَلَيْكُمْ أَهْلَ الدِّيَارِ مِنَ الْمُؤْمِنِينَ وَالْمُسْلِمِينَ، وَإِنَّا إِنْ شَاءَ اللَّهُ بِكُمْ لَاحِقُونَ، نَسْأَلُ اللَّهَ لَنَا وَلَكُمُ الْعَافِيَةَ، ويَرْحَمُ اللهُ المُستقدِمينَ مِنَّا والمُستَأخِرينَ)

**(હે આ ઘરના મોમીનો અને મુસલમાનો! તમારા પર સલામતી થાય, અલ્લાહ ઇચ્છશે તો અમે પણ તમારી સાથે આવવાના છે, અમે અમારા માટે અને તમારા માટે અલ્લાહ પાસે આફીયત માંગીએ છીએ, અલ્લાહ તઆલા અમારા માંથી જે પહેલા જઈ ચુક્યા છે અને જે પાછળથી આવનારા છે તેમના પર રહેમ કર.)**[11] જો કે સ્ત્રીઓ માટે કબરની ઝિયારત જાઈઝ નથી, કારણકે નબી ﷺ એ કબરોની ઝિયારત કરવાવાળી સ્ત્રી પર લઅનત મોકલી છે, અને એટલા માટે કે તેણીઓનું કબરો પર જવું ફિતનાનો સબબ બની શકે છે, અને તેમના દ્વારા ધીરજ ખોવી દેવાનો ડર છે, એવી જ રીતે સ્ત્રીઓ માટે જનાઝા પાછળ જવું જાઈઝ નથી, કારણકે

---

[11] મુસ્લિમ જનાઈઝ (૯૭૫) અન નસાઈ અલ જનાઈઝ (૨૦૪૦) ઈબ્ને માજા અલ જનાઈઝ (૧૫૪૭) અહમદ (૫/૩૫૩)

આપ ﷺ એ તેમને રોક્યા છે, જો કે મૈયતની જનાઝાની નમાઝ પઢવી સ્ત્રી અને પુરુષ દરેક માટે જાઈઝ છે.

આ છેલ્લી વસ્તુ છે, જેને તમે ભેગી કરી શકો છો.

દરૂદ અને સલામતી ઉતરે આપણા નબી મુહમ્મદ, તેમના સંતાન અને તેમના દરેક સાથીઓ પર.

# અનુક્રમણિકા

પ્રસ્તાવના ....... 3
(શરૂ કરું છું) અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને રહમ કરવાવાળો છે. ....... 3
પ્રથમ પાઠ: સૂરે ફાતિહા તેમજ કિસારે સૂરહ ....... 4
બીજો પાઠ: ઇસ્લામના અરકાન ....... 4
ત્રીજો પાઠ: ઈમાનના રુકન ....... 6
ચોથો પાઠ: તૌહીદ અને શિર્કના પ્રકાર: ....... 7
પાંચમો પાઠ ....... 16
છઠ્ઠો પાઠ: નમાઝ માટે જરૂરી શરતો. ....... 16
સાતમો સબક: નમાઝના રુકન (પિલર) ....... 16
આઠમો સબક: નમાઝ માટે જરૂરી વસ્તુઓ. ....... 17
નવમો સબક: તશહ્હુદ ....... 17
દસમો સબક: નમાઝની સુન્નતો ....... 20
અગિયારમો સબક: નમાઝ ને બાતેલ કરવાવાળી વસ્તુઓ ....... 23
બારમો પાઠ: વુઝુ માટેની શરતો. ....... 24
તેરમો સબક: વુઝુ માટે જરૂરી વસ્તુઓ ....... 24
ચૌદમો પાઠ: વુઝુ તૂટવાની વસ્તુઓ: ....... 25
પંદરમો સબક: દરેક મુસલમાન માટે શરીઅતે જરૂરી કરેલ અખલાક અપનાવવા જોઈએ. ....... 27
સોલમો પાઠ: ઇસ્લામી અદબ અપનાવવા ....... 27
સત્તરમો પાઠ: શિર્ક તેમજ અન્ય ગુનાહોથી ચેતવણી: ....... 28
અઢારમો પાઠ: મૈયતના કફન, નમાઝ અને દફનનું વર્ણન ....... 29
પહેલું: લા ઇલાહને યાદ અપાવવું: ....... 29

બીજું: જ્યારે કોઈની મૌતનું યકીન થઈ જાય તો પહેલા તેની આંખો બંધ કરી દેવી જોઇએ, અને તેના ગાલ બાંધી દેવા જોઇએ. ..........30
ત્રીજું: મુસલમાન મૃતકને ગુસલ આપવું, વાજિબ છે, પરંતુ જો તે યુદ્ધમાં શહીદ થયો હોય તો ..........30
ચોથું: મૈયતને ગુસલ આપવાનો તરીકો ..........31
પાંચમું: મૈયતને કફન આપવું ..........33
છઠ્ઠું: મૈયતને ગુસલ આપવા તેની જનાઝાની નમાઝ પઢાવવા અને તેને કફન આપવા માટે સૌથી વધારે હક. ..........34
સાતમું: જનાઝાની નમાઝનો તરીકો ..........35
આઠમું દફન કરવાની રીત ..........39
નવમું: જો કારણસર જનાઝાની નમાઝ પઢી શકે તો તેના માટે દફન પછી નમાઝ પઢવી જાઈઝ છે. ..........41
દસમુ: મૈયતના ઘરવાળાઓ માટે જાઈઝ નથી કે તેઓ લોકો માટે ખાવાનું બનાવે. ..........41
અગિયાર: સ્ત્રી માટે કોઈના મૃત્યુ પામવા પર ત્રણ દિવસથી વધારે સોગ મનાવવું જાઈઝ નથી, જો કે પોતાના પતિના મૃત્યુ પર અથવા જો બાળક ગર્ભમાં હોય તો ..........43
બારમું: પુરુષો માટે કબરવાળાઓ માટે દુઆ કરવી અને તેમના માટે રહેમત તલબ કરવી તેમના મૃત્યુ અથવા પછી યાદ કરવા માટે સમયાંતરે કબરોની ઝીયારત કરવી જાઈઝ છે. ..........44

رئاسة الشؤون الدينية
بالمسجد الحرام والمسجد النبوي

# رسالة الحرمين

# Message of The Two Holy Mosques

## Shar'i guidance content for the visitors of the Holy Mosque and the Prophet's Mosque in languages

978-603-8417-03-4